ગલુદણ પાસે રાત્રે ગમખ્વાર અકસ્માત : ૩ કાળના ખપ્પરમાં

(તસવીર : વિપુલ ચૌહાણ)

નવી નક્કોર આઈ-૨૦ કાર હાઈવે પર કોઈ ભારે વાહન પાછળ ધડાકાભેર ઘુસી જતા કારની એરબેગ ફાટી ગઈ : કારમાં સવાર ત્રણેય યુવાનો મોતને ભેટ્યા : કારના ફુરચા ઉડી ગયા

ગાંધીનગર, તા. ૧૮

દહેગામ-નરોડા હાઈવે પર સ્થિત ગાંધીનગર તાલુકાના ગલુદણ ગામની સીમમાં ગઈકાલે રાત્રીના અરસામાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બેફામ ગતીએ જઈ રહેલી નવી નક્કોર આઈ-૨૦ ગાડી હાઈવે પર ઉભેલા કોઈ ભારે વાહન પાછળ ધડાકાભેર ઘુસી જતાં ગાડીના બોનેટથી સ્ટીયરીંગ સુધીનો આખો ભાગ ખુડદો બોલી ગયો હતો. અકસ્માતને પગલે એરબેગ પણ ખુલી ગઈ હતી પરંતુ ગતિ એટલી બેફામ હતી કે એરબેગ પણ ફાટી ગઈ હતી અને કારમાં સવાર ત્રણેય યુવાન મિત્રો મોતના મોંમાં ગરકાવ થઈ ગયા હતા. ત્રણ યુવાનોના પળવારમાં મૃત્યુના સમાચારથી સમગ્રવિસ્તારમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી.અમદાવાદના નવા નિકોલ ગામ ખાતે રહેતા ત્રણ મિત્રો દહેગામ ખાતેની જમીનના કામે ગઈ સાંજે નવી ખરીદેલી આઈ-૨૦ ગાડી લઈને ગયા હતા. જેમાં નવા નિકોલ ખાતે સ્થિત ગંગોત્રી બંગ્લોઝમાં રહેતા ૨૭ વર્ષિય પાર્થિવ મહેન્દ્રપ્રસાદ ભટ્ટ, ૨૪ વર્ષિય સંકેત પ્રવિણભાઈ કોરાટ અને ૩૦ વર્ષિય ધર્મેન્દ્રભાઈ નારણભાઈ પટેલનો સમાવેશ થાય છે. પાર્થિવના ભાઈ અમરનાથ દર્શન કરવા ગયેલા છે. સંકેતના પિતા એમ્રોડરીનું કારખાનું ચલાવે છે અને સંકેત એકનો એક દિકરો હતો, જ્યારે ધર્મેન્દ્રભાઈ પરમીત યુવાન હતા. ત્રણેય મિત્રો દહેગામથી રાત્રે ઘરે પરત ફરી રહ્યા હતા. દહેગામ નરોડા હાઈવે પર તેઓ હજુ નંબર પણ નથી આવ્યો તેવી નવી નક્કોર આઈ-૨૦ ગાડી લઈને બેફામ સ્પીડે નિકળી રહ્યા હતા ત્યારે આગળ ઉભેલા કોઈ અજાણ્યા ભારે વાહનની પાછળ કાર ધડાકા સાથે ઘુસી ગઈ હતી. કારનો ફુરચો બોલી ઉઠ્યો હતો અને એરબેગ પણ ફાટી ગઈ હતી. કારમાં સવાર ત્રણેય મિત્રોના સ્થળ પર જ કમકમાટીભર્યા મૃત્યુ નિપજ્યા હતા. અકસ્માત જેની સાથે સર્જાયો તે વાહનને રાત્રે જ તેનો ડ્રાઈવર લઈને ભાગી ગયો હતો. ગાંધીનગર એફ.એસ.એલ. ઓફીસર જી.પી. દરબાર તેમની ટીમ સાથે બનાવ સ્થળે પહોંચી ગયા હતા અને ડભોડા પોલીસે અકસ્માત અંગે ગુંનો દાખલ કરીને પી.એસ.આઈ. એસ.બી. વાઘેલાએ ઉંડી તપાસ શરૂ કરી છે.

પુન્દ્રાસણના બંધ મકાનમાં ઘરફોડનો નિષ્ફળ પ્રયાસ

રાયસણ ગામના રામજી મંદિરમાં ૧૨ હજારની ઘરફોડ

ગાંધીનગર, તા.૧૮

જિલ્લા પંચાયતના પુર્વ ચેરમેનના પુન્દ્રાસણ ગામે સ્થિત બંધ મકાનમાં તસ્કરોએ તાળા તોડયા હતા પરંતુ તસ્કરોને હાથે કાંઈ ન લાગતા ખાલી હાથે પાછુ જવું પડયું હતું તો બીજી તરફ રાયસણ ગામ ખાતે સ્થિત રામજી મંદિરમાં તસ્કરોએ તાળા તોડીને રોકડ તથા આભુષણો મળીને રૂ. ૧૨ હજારની મત્તાની ઘરફોડ કરી હતી. મળતી માહિતી મુજબ ગાંધીનગર જિલ્લા પંચાયતના પુર્વ ચેરમેન પ્રવિણસિંહ ઠાકોરના પુન્દ્રાસણ ગામના બંધ મકાનને આજે તસ્કરોએ નિશાન બનાવીને મકાનનું તાળુ તોડયું હતું.

અંદર મકાનમાં વેર વિખેર સામાન કર્યો પરંતુ તસ્કરોના હાથે કોઈ જ કિમતી સામાન ન આવતા ફેરો ફોગટ ગયો હતો. જો કે આ સંદર્ભે મોડી સાંજ સુધી કોઈ ફરિયાદ નોંધાવા પામી નથી. બીજી તરફ રાયસણ ગામ ખાતેના રામજી મંદિરને તસ્કરોએ ટાર્ગેટ બનાવીને મંદિરમાંથી રૂ. ૫ હજાર રોકડા તથા ૭ હજારના આભુષણો મળીને રૂ. ૧૨ હજારની મત્તા ચોરી કરી હોવાની ફરિયાદ નોંધાવા પામી છે. અડાલજ પોલીસે મંદિરમાં થયેલી ઘરફોડનો ગુનો નોંધીને ઊંડી તપાસ શરુ કરી છે.

સાઈ સંકુલમાં રમતવીરો માટે ગેસ્ટહાઉસ બાંધવાનું કામ શરૂ

ચિલ્ડ્રન સ્વીમીંગ પુલ સહીત બે પુલ બાંધવા પણ ૬ કરોડ ખર્ચાશે

ગાંધીનગર, તા. ૧૮

સે. ૧૫ સ્થિત સાઈ સંકુલમાં ઓલમ્પિકના સ્ટાન્ડર્ડ મુજબ બે નવા સ્વીમીંગ પુલ બાંધવાનું કામ હવે શરૂ થશે. સાંઈ સંકુલમાં કીડ્ઝ સ્વીમીંગ પુલ ઉપરાંત અન્ય એક મોટો પુલ બનાવવા પાછળ રૂ. ૬ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જ્યારે રમતવીરો માટે ૨ કરોડના ખર્ચે નવુ ગેસ્ટહાઉસ પણ તૈયાર થશે.

સે. ૧૫ સાંઈ સંકુલમાં સ્થિત સ્વીમીંગ પુલ ખરાબ થઈ જતા લાંબા સમયથી બંધ હાલતમાં છે. અગાઉ મહાત્મા મંદિરના કામ વેળાએ પુલનો અડધો ભાગ પણ તોડવાની ફરજ પડી હતી. જ્યારે હવે સાઈ સંકુલમાં નવા બે સ્વીમીંગ પુલ બાંધવાનું આયોજન કરી દેવાયું છે.

સૂત્રોના જણાવ્યા મુજબ સે. ૧૫માં ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ મુજબના બે સ્વીમીંગ પુલ બાંધવામાં આવશે. ચિલ્ડ્રન સ્વીમીંગ પુલ ઉપરાંત અન્ય એક નવો પુલ બનાવવા માટે રૂ. ૬ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ મામલે ટેન્ડરપ્રક્રિયા પણ પૂર્ણ કરી દેવાઈ છે. જ્યારે આગામી ૧૫ દિવસમાં કામ સરૂ કરી દેવાશે. આ ઉપરાંત સાંઈ સંકુલમાં રમતવીરો માટે બે માળનુ ગેસ્ટહાઉસ પણ બનાવવામાં આવશે.

૪૦ બાય ૪૦ મીટરની જગ્યામાં ગેસ્ટહાઉસ બાંધવાનું કામ હાથ ધરાશે. ગેસ્ટહાઉસ બાંધવા માટે રૂ. ૨ કરોડનો ખર્ચ કરવામાં આવશે ગેસ્ટહાઉસ બાંધવાનું કામ શરૂ પણ કરી દેવાયું છે.

ગાંધીનગર રોટરી કલબ દ્વારા માનવ સ્મૃતિ સંસ્થાની મુલાકાત

સભ્યો ૨૧મીએ સપરિવાર મુલાકાત લેશે

ગાંધીનગર, તા.૧૮

રોટરી કલબ ઓફ ગાંધીનગરના સભ્યો દ્વારા તા. ૨૧મી જુલાઈ ૨૦૧૩ને રવિવારે સવારે ૯.૩૦ કલાકે 'માનવ સ્મૃતિ' (મંદ બુધ્ધિના બાળકોની વિશિષ્ટ નિવાસી શાળા) ઝાઓદ બિલ્ડીંગની પાછળ ગ-૦ નજીક સરગાસણ ખાતે મુલાકાત લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રોટરી કલબના સર્વે સભ્યો પોતાના બાળકો સાથે આવી શકશે.

મુલાકાતમાં સર્વે સભ્યોએ મંદ બુદ્ધિના બાળકોને માટે આપી શકાય તેવી ચીજ વસ્તુઓ ઘરગથ્થુ દવાઓ, રમકડા તથા રમકડાના સાધનો, સારા કપડા, સારા બુટ, ચંપલ તથા પાર્લેજી બિસ્કીટ તથા સુકો નાસ્તો વગેરે સાથે લાવી શકશો અને આપ સર્વે સભ્યોમાંથી કેટલા વ્યકિતઓ આવશો તેની જાણ અગાઉથી દિલીપભાઈ પટેલના મોબાઈલ નં. ૯૮૨૫૦ ૨૮૯૯૨ પર જાણ કરવાની રહેશે. અન્યથા હાજર ન રહી શકનાર અને ચીજ વસ્તુઓ મોકલવા ઈચ્છતા હોય તો તેઓએ ચૈતન્ભાઈ શુકલાના મો.નં. ૦૯૮૨૫૨ ૫૦૯૭૫ પર સંપર્ક કરવા આયોજકોએ જણાવ્યું છે.

બેંક ઓફ બરોડા ૧૦૬મો સ્થાપના દિવસ ઉજવશે

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતના સર સયાજીરાવ ગાયકવાડે સ્થાપેલી તેમજ ભારતની આંતરરાષ્ટ્રીય બેંક ઓફ બરોડા પોતાનો તા. ૨૦ જુલાઈ-૨૦૧૩ના રોજ ૧૦૬મો સ્થાપના દિવસ રંગેચંગે ઉજવશે. આ શુભ પ્રસંગે બેંકે મેરેથોન દોડ, ગ્રાહકો સાથે સંવાદ તેમજ અન્ય વૈવિધ્યસભર કાર્યક્રમોનું ઉજવણીના ભાગરૂપે આયોજન કરવામાં આવ્યું છે. બેંક ઓફ બરોડા ગાંધીનગર પરિવાર દ્વારા બેંકની વિધાનસભા શાખાના હોલમાં તા. ૨૦ જુલાઈ-૨૦૧૩ના રોજ સવારે ૮ થી ૪ કલાક સુધી 'બ્લડ ડોનેશન કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે બેંકના ઉત્તર ગુજરાત ઝોનના વડા યુ.કે. બિમપુર તેમજ અમદાવાદ સીટી રીજીયનના વડા એમ.એસ. ચૌહાણ પણ અતિથિ વિશેષ તરીકે હાજર રહેશે. તેમજ નગરની ચારેય શાખાના વડા, બેંકના ગ્રાહકો, નગરજનો, યુવાનો અને યુવતિઓને સેવાના ઉમદા કાર્યમાં સહભાગી થઈ રક્તદાન કરવા નમ્ર અપીલ કરવામાં આવી છે.

આપણે ત્યાં સુવિધાઓ ઊભી તો થઈ જાય છે પણ એ સુવિધાઓ લોકો સુધી સારી રીતે ન પહોંચવાનાં બે મોટાં કારણો છે : પહેલું કે સુવિધાનું ઉદ્‌ઘાટન સત્તાવાહકો નિયત કરે ત્યારે જ થાય છે અને બીજું એ કે પછીથી એની જાળવણી મુશ્કેલ બની જાય છે. પ્રસ્તુત તસવીરમાં દ્રશ્યમાન સેક્ટર-૬ એમાં તૈયાર કરવામાં આવેલું જાહેર શૌચાલય પહેલાં કારણનું શિકાર છે. પહેલાં શૌચાલય બને એ માટે લોકો રાહ જોતા હતા અને હવે એની સુવિધા ચાલુ થાય એની રાહ જોઈ રહ્યા છે. (તસવીર : કશ્યપ નિમાવત)

વનશ્રી ટ્રસ્ટની ટીમે મોરનો જીવ બચાવ્યો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં આવેલ ઉદ્યોગભવનના એક ભોંયરામાં મોર ફસાઈ ગયો હતો. જેની જાણ સલામતી શાખાના કર્મચારીએ વનશ્રી ટ્રસ્ટને જાણ કરતાં તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા અને ભારે જહેમત બાદ સફળતાપૂર્વક મોરને બહાર નીકાળવામાં આવ્યો હતો. આજે સવારે દસ વાગ્યાના અરસામાં ઉદ્યોગભવન ખાતે ભોંયરામાં અંદર ૧૫ થી ૨૦ ફૂટ ઉંચાઈએ મોર ફસાયો હતો. ફસાયેલા મોરને સલામતી શાખામાં ફરજ બજાવતા પંકજકુમાર ચૌહાણે જોતા તાત્કાલિક વનશ્રી ટ્રસ્ટને જાણ કરતાં રેસ્ક્યુ વીંગના સભ્યો મહાવીર નિમાવત, રવિરાજ ચૌધરી, ધ્રુવ જાની તથા તેજસ પરમાર સહિત વનવિભાગના હીનાબેન ચૌધરી તેમજ ટીમ સાથે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને વનશ્રી ટ્રસ્ટ અને વન વિભાગના કર્મચારીઓએ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યુ હતુ. એક કલાકની ભારે જહેમત બાદ મોરને સફળતાપૂર્વક બહાર કાઢી લેવામાં આવ્યો હતો. તેમ વનશ્રી ટ્રસ્ટના અંજના નિમાવતે જણાવ્યું હતું.

ચોમાસાની ઋતુ છે, પાણી ને વીજ પ્રવાહ ભેગા થાય તો જોખમ થાય એવું નાનાં બાળકોય જાણે છે. તો શું એ વાત વીજ કંપની નહીં જાણતી હોય ? કે આવાં દ્રશ્યો એની નજરમાં નહીં આવતાં હોય ? ન આવતાં હોય તો આ અમે લાવી આણ્યા. હવે વીજ કંપની ત્વરિત પગલાં ભરે એવી આશા અસ્થાને નહીં જ ગણાય. (તસવીર : કશ્યપ નિમાવત)

સે-૨૪ અંબા માતાના મંદિરે શિવકથા

ગાંધીનગર, તા.૧૮

હિમાલય ચાર ધામના પુર પિડિતોને રાહત સહાય માટે શિવ મહાપુરાણ કથાનું આયોજન સમગ્ર શ્રાવણ માસ દરમિયાન શ્રી અંબા માતાજીના મંદિરે, ડબલડેકર, સેકટર-૨૪ ખાતે કરવામાં આવ્યું છે.

કથાનો શુભારંભ આગામી તા. ૭મી ઓગષ્ટ ના રોજ થશે. પોથીયાત્રા ૭મી ઓગષ્ટના રોજ બપોરે ૨.૩૦ કલાકે કથાકારશ્રી યોગી રામદાસજી મહારાજના નિવાસસ્થાન ૩૬૦, ડબલડેકર, સે-૨૪ ખાતેથી નિકળશે. કથા વિરામ પમી સપ્ટેમ્બરે થશે. કથાનો સમય સાંજે ૩ થી ૭ નો રહેશે. સમગ્ર કથાનું આયોજન શ્રી અંબિકા મિત્ર મંડળ, સે-૨૪ દ્વારા કરાયું છે.

ઈલે. સુપરવાઈઝરની પરીક્ષાનું પરીણામ

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત સરકારના ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ હેઠળ આવેલ સચિવશ્રી, લાયસન્સીંગ બોર્ડ, ઉદ્યોગભવન, ગાંધીનગર મારફત રાજયના અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર, રાજકોટ કેન્દ્રો ખાતે મે-૨૦૧૩માં લેવાયેલ ઈલેક્ટ્રીકલ સુપરવાઈઝરની લેખીત પરીક્ષા તથા મૌખિક પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ ઉમેદવારોના રોલનંબર આ ખાતાની વેબસાઈટ **http://ceiced.gujarat.gov.in** તથા **http://guj-epd.gov.in** પર જોવા મળશે.

આજે શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા વોર્ડ નં. ૯, ૧૦, ૧૧ ખાતે મહત્વની બેઠક

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ દ્વારા તાજેતરમાં બનાવાયેલી વોર્ડ પ્રભારી, મહિલા વોર્ડ પ્રભારી, યુવા કોંગ્રેસ પ્રભારીની નિમણુંક કરવામાં આવેલ છે. તેમની આગેવાની હેઠળ આજે તારીખ ૧૯ જુલાઈ ૨૦૧૩ના રોજ વોર્ડ નં.૧૧માં સાંજે ૪ કલાકે સેકટર-૨ ગાર્ડન ખાતે વોર્ડ નં.૧૦માં સાંજે ૫ કલાકે, સેકટર-૫ ગાર્ડન ખાતે વોર્ડ નં. ૯માં ૬ કલાકે સેકટર-૭ ગાર્ડન ખાતે બેઠકનું આયોજન કરવામાં આવનાર છે.

આગામી લોકસભાની ચૂંટણીઓને ધ્યાને રાખી સંગઠન વધુ મતબુત થાય તેમજ નવા કાર્યકર્તાઓ સંગઠનમાં રસ લઈ વિચારસરણીને વરે તેવા કાર્યકરોની મીટીંગનું આયોજન કરેલ છે. આ કાર્યક્રમમાં વોર્ડના પ્રમુખ તથા સેકટર પ્રમુખની રચના કરવા તેમજ પ્રજાના પ્રશ્નોને વાચા આપવા તેમજ તેવા યોગ્ય સ્થળે રજુઆત કરવા આયોજન થાય તે માટે વોર્ડના હોદ્દેદારો, કાર્યકરો તેમજ નગરજનોએ હાજર રહેવું તેમ ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મુકેશ પટેલ તેમજ જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી કે.પી. સોલંકી દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

કલોલ હાઈવેના સઈજ પાસેથી દારૂ-બિયર ભરેલી ટ્રક ઝડપાઈ

ગાંધીનગર, તા. ૧૮

કલોલ હાઈવે પરથી વિદેશી દારૂ-બિયરનો જથ્થો ભરેલી આઈશર ટ્રક પસાર થતી હોવાની બાતમીને આધારે કલોલ તાલુકા પી.આઈ. બી.એન. દવેએ રાત્રે વોચ ગોઠવીને ટ્રક ઝડપી પાડી હતી. પોલીસને જોઈને ટ્રક મુકી બુટલેગર ફરાર થઈ ગયો હતો. ટ્રકમાં તપાસ કરતાં નમકીન અને વોશીંગ પાવડરના પેકેટ્સની વચ્ચે સંતાડેલો દારૂ-બિયરનો રૂ. ૬.૫૦ લાખનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ૧૭૩ પેટી દારૂ-બિયર કબ્જે લઈને ટ્રક સહીત રૂ. ૧૩.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ઉંડી તપાસ શરૂ કરી છે.

ભાવનગરના અલંગ તરફથી નીકળીને મહેસાણા તરફ જઈ રહેલા એક આઈશર ટ્રકમાં વિદેશી દારૂ-બિયરનો જથ્થો હોવાની બાતમીને આધારે કલોલ તાલુકા પી.આઈ. બી.એન. દવે મોડી રાત્રે તેમની ટીમ સાથે કલોલ હાઈવે પર સઈજ નજીક વોચમાં ગોઠવાઈ ગયા હતા. દરમ્યાન બાતમીવાળા નંબરની આઈશર ટ્રક નીકળતા પોલીસ રોડ વચ્ચે આવી ગઈ હતી. પોલીસને જોઈને ડ્રાઈવર ત્યાંથી ટ્રક મુકીને રફુચક્કર થઈ ગયો હતો. પોલીસે ટ્રકમાં તપાસ કરતાં તેમાંથી નમકીન અને વોશિંગ પાવડરની થેલીઓ વચ્ચે છુપાવેલો ૧૭૩ પેટી દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. રૂ. ૬.૫૦ લાખનો દારૂ અને રૂ. ૭ લાખનો ટ્રક મળીને રૂ. ૧૩.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી સઘન તપાસ શરૂ કરવામાં આવી છે.

ગોદડીયા પરિવાર દ્વારા જૂના માંકા ગામે ગુરૂ પૂર્ણિમા મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૮

ગુરૂપૂર્ણિમાના પાવન દિવસે ગોદડીયા પરીવારની પરંપરા મુજબ ગુરુના સવિશેષ મહત્વને સાર્થક કરવા માટે સમર્થ શ્રી પ્રાતઃ સ્મરણીય પ.પૂ. પ્રાગદાસ બાપાની રામમઢી ગામ-જૂના માંકા તા. હારીજ, જી. પાટણ ખાતે 'ગુરૂપૂર્ણિમા મહોત્સવ અને ભજન'ના કાર્યક્રમનું આયોજન તા. ૨૨ જુલાઈ ૨૦૧૩ને સોમવારના રોજ આયોજન કરવામાં આવ્યું છે. આ પાવન પ્રસંગે પધારવા તથા ગુરુ પૂજન મહોત્સવ અને ભજનની મોજ માણવા અને દર્શનનો લાભ લેવા સમગ્ર ગોદડીયા પરિવાર જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ પાઠવે છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૧
સૂર્યાસ્ત : ૭.૧૭

તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૫ ટકા ● સાંજે ૭૮ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રમૈયા વસ્તાવૈયા : ૯.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
ધ ગુડ રોડ(ગુજરાતી) : ૧૨.૩૦

: સ્ક્રીન-૨ :
ભાગ મિલ્ખા ભાગ : ૯.૩૦, ૧.૦૦, ૪.૩૦, ૮.૦૦

: સ્ક્રીન-૩ :
ડી-ડેય : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

: સ્ક્રીન-૪ :
રમૈયા વસ્તાવૈયા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ
રમૈયા વસ્તાવૈયા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ડી-ડેય : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦,૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
રમૈયા વસ્તાવૈયાઃ ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
પોલીસગીરી : ૧૦.૦૦, ૪.૧૫
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૪૫, ૭.૦૦, ૧૦.૩૦

ચિરાગ, કલોલ
રમૈયા વસ્તાવૈયા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : આર્થિક સમસ્યાઓ પર કાર્ય થશે. સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. અભિષ્ટ ફળ પ્રાપ્તિ અને કાર્યોમાં વિસ્તાર થવાનો યોગ બનશે.

વૃષભ : આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. પ્રયત્નોમાં અસફળતાથી મળેલી નિરાશાને હાવી થવા દેશો નહિ. દિવસ મધ્યમ અને ફળદાયી પસાર થઈ શકશે. આવક કરતાં જાવક ન વધે તેની કાળજી રાખવી. વ્યાપાર - વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો.

મિથુન : રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

કર્ક : વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

સિંહ : આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. સગા-સ્નેહીજનો સાથે મળવાનું થઈ શકે છે. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

કન્યા : માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીજનો સાથે વિવાદોથી દુર રહેવું. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

તુલા : કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. વ્યાપારમાં નવા અને લાભદાયક કરાર થઈ શકે છે.

વૃશ્ચિક : દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

ધન : આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે.

મકર : તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થશે, સ્થાયી સંપત્તિની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. આપનો આત્મવિશ્વાસ અડગ થશે.

કુંભ : કુટુંબમાં શાંતિ રહેશે. વ્યવસાયિક યોજનાઓમાં સફળતા મળશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. મિત્રો અને સહયોગીઓ અને વ્યાપારમાં ભાગીદારો પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે.

મીન : આવકના સ્ત્રોતોથી લાભ પ્રાપ્તિનો યોગ. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ ન થાય તેની કાળજી લેવી.

ચિરવિદાય

- સ્વ. લાશુબેન મથુરજી ઠાકોર (ઉ.વ. ૯૫) મુ.પો. ફતેહપુરા, સેકટર-૧૫, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. લખમણજી જવાનજી ઠાકોર (ઉ.વ. ૭૮) મુ.પો. આમજા, તા. કલોક, જિ. ગાંધીનગર.
- સ્વ.કલ્પેશ અમૃતભાઈ પટેલ (ઉ.વ. ૪૦) પ્લોટ નં. ૪૭, શ્રી રંગ પાર્ક સોસાયટી, વાસણા હુમતીયા તા., જિ. ગાંધીનગર.